ભારતીય જનતા પાર્ટી
ગુજરાત પ્રદેશ
શ્રી કમલમ્
પ્રેક્ષા વિશ્વ ભારતીની સામે, કોબા સર્કલ-ગાંધીનગર રોડ, કોબા, ગાંધીનગર-૩૮૨૦૦૭ (ગુજરાત)
Phone : (079) 23276947, 23276948, 23276949 Fax : (079) 23276943 • Email : bjp.gujarat@gmail.com • Web : www.bjpgujarat.org

**પ્રેસનોટ** **તા. ૧૪.૦૬.૨૦૧૭**

# મોદી સરકારના ૩ વર્ષના સ્વર્ણીમ કાર્યકાળની ઉજવણીના ભાગરૂપે

## કેન્દ્ર સરકારના મંત્રીશ્રીઓ શ્રી પ્રકાશ જાવડેકરજી, શ્રી જે. પી. નડ્ડા અને શ્રી કલરાજ મિશ્રા ગુજરાતના પ્રવાસે

------------------

ભાજપ પ્રદેશ પ્રવકતા ભરતભાઈ પંડ્યાએ જણાવ્યું હતું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના ૩ વર્ષના સ્વર્ણીમ કાર્યકાળની ઉજવણીના ભાગરૂપે તથા ૩ વર્ષ દરમ્યાન કેન્દ્ર સરકાર દ્વારા થયેલ પ્રજાહિતના કાર્યો તેમજ યોજનાઓની વિગતો જન-જન સુધી પહોંચે તે હેતુથી કેન્દ્રીય મંત્રીશ્રી પ્રકાશ જાવડેકરજી, શ્રી કલરાજ મિશ્રા અને શ્રી જે. પી. નડ્ડા આગામી તા. ૧૫ થી ૧૭ જૂન દરમ્યાન ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે.

આ કેન્દ્રીય મંત્રીશ્રીઓના વિગતવાર પ્રવાસ અંગે માહિતી આપતાં શ્રી પંડયાએ જણાવ્યું હતું કે, **શ્રી પ્રકાશ જાવડેકરજી** તા. ૧૫ જૂન ગુરૂવારના રોજ સવારે ૯ કલાકે સુરત ખાતે પધારશે. ત્યારબાદ સવારે ૧૦ કલાકે સુરત જીલ્લાના માંડવી ખાતે અને સાંજે ૪ કલાકે તાપી જીલ્લાના ઉચ્છલ ખાતે **"સબકા સાથ, સબકા વિકાસ-સંમેલન"**માં વિશાળ સંખ્યામાં ઉપસ્થિત જનમેદનીને સંબોધન કરશે. ત્યારબાદ બીજા દિવસે તા. ૧૬ જૂન શુક્રવારના રોજ આણંદ ખાતે સવારે ૯ કલાકે **"મોદી ફેસ્ટ"** રથને પ્રસ્થાન કરાવશે અને સાંજે ૪ કલાકે ખેડા જીલ્લાના નડીયાદ ખાતે **"સબકા સાથ, સબકા વિકાસ-સંમેલન"**માં ઉપસ્થિત જનમેદનીને સંબોધન કરશે.

**કેન્દ્રીય મંત્રીશ્રી કલરાજ મિશ્રા** તા. ૧૬ જૂનને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે ભરૂચ ખાતે **"મોદી ફેસ્ટ"** રથને પ્રસ્થાન કરાવશે. ત્યારબાદ સાંજે ૪ કલાકે નવસારી ખાતે **"સબકા સાથ, સબકા વિકાસ-સંમેલન"**માં ઉપસ્થિત જનમેદનીને સંબોધન કરશે.

**કેન્દ્રીય મંત્રીશ્રી જે.પી. નડ્ડા** તા. ૧૬ જૂનને શુક્રવારના રોજ સવારે ૯ કલાકે જામનગર શહેર ખાતે **"મોદી ફેસ્ટ"** રથને પ્રસ્થાન કરાવશે. ત્યારબાદ સાંજે ૪ કલાકે જામનગર જીલ્લા ખાતે અને બીજા દિવસે તા. ૧૭ જૂનને શનિવારના રોજ સવારે ૧૦ કલાકે રાજકોટ ખાતે અને સાંજે ૪ કલાકે મોરબી ખાતે **"સબકા સાથ, સબકા વિકાસ-સંમેલન"**માં ઉપસ્થિત રહીને જનમેદનીને સંબોધન કરશે તેમ શ્રી પંડયાએ જણાવ્યું હતું.

(ડૉ. હર્ષદ પટેલ)
કન્વીનર-મીડીયા સેલ